# બોલિવૂડ-હોલિવૂડ

## સુશાંત નવી ફિલ્મમાં સ્ક્રીન ઉપર નેક્ડ : હેવાલમાં દાવો

**મુંબઈ,** બોલિવુડમાં લોકપ્રિય અભિનેત્રી જેક્લીન હવે સુશાંત સિંહ રાજપુત સાથે નજરે પડનાર છે. સુશાંત ફિલ્મમાં સ્ક્રીન પર નેક્ડ થનાર છે. બોલિવુડમાં સ્ક્રીન પર અગાઉ પર કેટલાક અભિનેતા નેક્ડ થઈ ચુક્યા છે. હવે સુશાંત આ યાદીમાં જોડાઈ ગયો છે. નિર્દેશક તરૂણ મનસુખાનીની ડ્રાઈવ નામની ફિલ્મમાં આ નવી જોડી કામ કરી રહી છે. જાણકાર લોકોએ કહ્યુ છે કે સુશાંત આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે કામ કરી રહ્યો છે. વર્ષ ૨૦૧૧માં રજૂ કરવામાં આવેલી હોલિવુડ ફિલ્મ ડ્રાઈવની સત્તાવાર રિમેક ફિલ્મ તરીકે આ ફિલ્મ રહેશે. અગાઉની હોલિવુડ થ્રીલર ફિલ્મમાં રિયાન ગોસલિંગે ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. રિયાને ફિલ્મમાં સ્ટન્ટમેનની ભૂમિકા અદા કરી હતી. તેની સાથે ફિલ્મમાં કેરિય મુલિગને ભૂમિકા અદા કરીહતી. એક ક્રિમિનલ સાથે લગ્ન કરી ચુકેલી સ્ટાર સાથે રિયાન પ્રેમમાં પડે છે. પોતાના પતિથી બચાવી લેવા માટે સાથે સાથે કેટલાક અન્ય ખતરનાક ગેંગસ્ટારોથી બચવા માટે તે કાયદાની બીજી બાજુમાં જતો રહે છે. સુશાંતે હાલમાં કેટલાક સીનના શુટિંગ પૂર્ણ કરી લીધા છે. સુશાંતે બોલિવુડમાં હાલના વર્ષોમાં કેટલીક યાદગાર ભૂમિકા અદા કરી છે. સુશાંત ખાસ કરીને ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મમાં યાદગાર ભૂમિકા અદા કરી હતી. આ ઉપરાંત તે અન્ય કેટલીક ફિલ્મોમાં નજરે પડ્યો હતો. પીકે ફિલ્મમાં તે ટુંકી ભૂમિકા અદા કરી ગયો હતો. જે લોકોએ સારી ગણાવી હતી. તરૂણ મનસુખાની દ્વારા નિર્દેશિત ફિલ્મ ડ્રાઈવ બોલિવુડમાં એક નવા વિષય પર આધારિત ફિલ્મ છે. સુશાંત બોલિવુડમાં કેટલીક નવી અને પડકારરૂપ ભૂમિકા કરવા માટે પણ તૈયાર છે. ખુબ શિસ્તમાં રહેવાના કારણે તે જાણીતો રહ્યો છે. નિર્માતા નિર્દેશકોમાં તે લોકપ્રિય છે.

## પાકિસ્તાની એડમાં કામ કરવા પ્રાચી દેસાઈએ કરેલો ઈન્કાર

નવી નવી અભિનેત્રીઓ એન્ટ્રી કરી રહી છે ત્યારે તે પણ સ્પર્ધામાં ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહી છે. તેને ફિલ્મો મળવામાં મુશ્કેલી નડી રહી છે. વિતેલા વર્ષોમાં તે કેટલીક મોટી ફિલ્મોમાં કામ કરી ચુકી છે. જેમાં અજય દેવગન અને ઈમરાન હાશ્મી સાથેની ફિલ્મનો સમાવેશ થાય છે. પ્રાચી માને છે કે તે ફિલ્મની પટકથા મુજબ કોઈ પણ રોલ કરવા માટે તૈયાર રહે છે. ફિલ્મ ઉપરાંત તે જાહેરાત મારફતે પણ સારી કમાણી કરી રહી છે. ટીવી સિરિયલમાં લોકપ્રિય થયા બાદ પ્રાચી બોલિવુડમાં પ્રવેશી ગઈ હતી. શરૂઆતમાં જ તેને લોકપ્રિયતા મળી ગઈ હતી.

**મુંબઈ,** બોલિવુડમાં ઘણા સમયથી હોવા છતાં ટોપ અભિનેત્રી તરીકે ઉભરી આવવામાં નિષ્ફળ રહેલી અભિનેત્રી પ્રાચી દેસાઈ હવે પાકિસ્તાની એડની ઓફરને ફગાવી ચુકી છે. તેનુ કહેવુ છે કે તે કોઈ વિવાદમાં બિનજરૂરીતે પડવા માંગતી નથી. એક પાકિસ્તાની એડમાં કામ કરવા માટે તેને ઓફર કરવામાં આવી હતી. જો કે પ્રાચીએ તરત જ આને ફગાવી દીધી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ ખુબ તંગ બનેલા છે ત્યારે તે કોઈ વિવાદ થાય તેવા કામ કરવા માટે તૈયાર નથી. જાણકાર સુત્રોએ કહ્યુ છે કે પ્રાચીને એક પાકિસ્તાની બ્યુટી બ્રાન્ડ દ્વારા જાહેરાતમાં કામ કરવા માટેની ઓફર કરવામાં આવી હતી. પરંતુ પ્રાચીએ ઓફરને ફગાવી દીધી છે. તેનુ કહેવુ છે કે બન્ને દેશો વચ્ચેના સંબંધ ખરાબ થયેલા છે ત્યારે આવી જાહેરાતમાં કામ કરવાની બાબત તેના માટે યોગ્ય રહેશે નહી. પ્રાચી દેસાઈ થોડાક સમય પહેલા રજૂ થયેલા ક્રિકેટર અઝહરુદ્દીનની લાઈફ પર બનેલી અઝહર ફિલ્મમાં દેખાઈ હતી. તે અઝહરુદ્દીનની પ્રથમ પત્નિ તરીકે ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મમાં અઝહરની ભૂમિકા ઈમરાન હાશ્મીએ અદા કરી હતી. બોલિવુડમાં હાલમાં

## પદ્માવતિ ફિલ્મમાં એશ્વર્યા આઈટમ નમ્બરમાં નથી જ

**મુંબઈ,** બોલિવુડની બ્યુટીક્વીન એશ્વર્યા રાય બચ્ચન સંજયલીલાની નવી ફિલ્મ પદ્માવતિમાં કામ કરનાર છે તેવી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. હાલમાં એવા અહેવાલ આવ્યા હતા કે સંજય લીલાની નવી ફિલ્મ પદ્માવતિમાં એશ્વર્યા આઈટમ સોંગ કરનાર છે. હવે નજીકના સુત્રોએ કહ્યુ છે કે આ ફિલ્મમાં એશ કામ કરી રહી નથી. સંજય લીલા અને એશ એકબીજાને છેલ્લા કેટલાક દિવસથી મળે છે પરંતુ તે ફિલ્મમાં કામ કરવા જઈ રહી નથી. બન્ને વચ્ચે નજીકની મિત્રતાના કારણે મળી રહ્યા છે પરંતુ તેમની વચ્ચે ફિલ્મને લઈને કોઈ ચર્ચા નથી. હાલમાં સંજય લીલા દિવાળી પાર્ટી પર એશના આવાસ પર આ ખુબસુરત અભિનેત્રીને મળ્યા હતા. એશના ફેવરીટ નિર્દેશક તરીકે સંજય લીલા ચોક્કસપણે છે પરંતુ હાલમાં ફિલ્મને લઈને કોઈ વાત કરાઈ નથી.

## ખેલો ઈન્ડિયા અંતર્ગત ખેલમહાકુંભ-૨૦૧૬ ના વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારની ચુકવણી અંગે

**રાજપીપલા:** ગત વર્ષે ગુજરાત સરકારના રમત ગમત વિભાગ ધ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૬ નું આયોજન પૂર્ણ કરવામાં આવેલ છે, જેમાં માત્ર પાંચ રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, જુડો અને એથ્લેટીક્સમાં માત્ર અંડર-૧૪ અને અંડર-૧૭ ના ભાઈઓ/બહેનોએ વ્યક્તિગત/ટીમ ઈવેંન્ટમાં ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરેલ હોય તેવા પ્રતિભાશાળી ટીમો/ખેલાડીઓને "ખેલો ઈન્ડિયા" અંતર્ગત ક્રમશ: રૂા.૧૫૦૦/-, રૂા.૧૦૦૦/-,રૂા.૫૦૦/- રોકડ પુરસ્કારો સરકારશ્રીની સુચના અન્વયે વિજેતા ખેલાડીઓના બેંક એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. થી જમા કરાવવાના હોય, જે અન્વયે નર્મદા જિલ્લામાં ઉપરોક્ત પાંચ રમતો તેમજ અંડર-૧૪ અને અંડર-૧૭ વયગૂપના તમામ વિજેતા ખેલાડીઓએ પોતાના (અત્યારે ચાલુ હોય તેવા) બેંક એકાઉન્ટની પાસબુકની ઝેરોક્ષ નકલ મોડામાં મોડી તા.૭/૦૬/૨૦૧૭ના રોજ સાંજે ૬=૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન, રૂમ નં.૨૧૭, રાજપીપળાને પહોંચતી કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ માહિતી અમાન્ય ગણવામાં આવશે તેમજ કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિ. આ બાબતે વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, નર્મદા ફોન નં. ૦૨૬૪૦-૨૨૧૩૫૫ નો સંપર્કસાધવા જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, નર્મદા-રાજપીપલા તરફથી જણાવાયુ છે.

## અમદાવાદ ડિવિઝન ખાતે આતંકવાદ વિરોધી દિવસ ઉજવવામાં આવેલ

અમદાવાદ ડિવિઝન ખાતે રાષ્ટ્રહિતમાં બધા પ્રકારની હિંસા અને આતંકવાદને પહોંચીવળવા અને સામાજિક ભાઈચારા અને પરસ્પર ભાઈચારાને વધાવવા માટે આતંકવાદ વિરોધી દિવસ પર શપથનું આયોજન કરવામાં આવેલ. ડિવિઝન ઓફિસ પરિસરમાં ડિવિઝન રેલવે મેનેજર દિનેશકુમારે હાજર અધિકારીઓ અને કર્મચારીઓને આતંકવાદને પહોંચી વળવા અને અહિંસાની પરંપરા સાથે સામાજીક સમરસતા અને સહિષ્ણુતા અપનાવીને પરસ્પર ભાઈચારો બનાવી રાખવાની શપથ અપાવી.

## ડેલ એ ભારતમા ગેમીંગ પોર્ટફોલિયોની રજુઆત કરી

અગ્રણી ટેકનોલોજી કંપની ડેલ એ ભારતમાં પોતાના ગેમીગ પોર્ટફોલિયો ના લોન્ચની ઘોષણા કરી છે. ભારતમાં ગેમીંગની દુનિયામાં થઈ રહેલા વિકાસને જોઈને ડેલ એ ગેમર્સ માટે સૌથી મોટા, સૌથી વર્સેટાઈલ ગેમીગ પોર્ટફોલિયો રજુ કર્યો. આ પોર્ટફોલિયો માં સીઈએસ ૨૦૧૭ ઈનોવેશન એવોર્ડ ઓનરી ગેમીગ કેટેગરી, VR-ready Alienware 15 એવં Alienware 17 તથા નવી ઈન્સ્પિરોન ગેમીંગ લેપટોપ રેન્જ સામેલ છે. આ આક્રમક પ્રદર્શન ડિઝાઈન એવં શ્રેણી માં સર્વોત્તમ ઘટકોની સાથે બનાવાયુ છે.

આ લોન્ચ પર પી. કૃષ્ણકુમાર , વાઈસ પ્રેસિડન્ટ , કન્ઝ્યુમર એવં સ્મોલ બિઝનેસ ડેલ ઈન્ડિયાએ જણાવ્યુ કે, વર્તમાન માં ગેમીંગ ઝડપથી મુખ્યધારામા આવી રહયુ છે અને એલિયનવેર ગેમરના મગજમા હમેશા શીર્ષ પર રહયુ છે. આ મજબુત એવં વ્યવહારીક ગેમીંગ પોર્ટફોલિયોના લોન્ચની સાથે કોઇ પણ કેઝ્યુઅલ કે એકટીવ ગેમર ને શાનદાર ગેમીંગનો અનુભવ કરવા માટે બીજે કયાય જવાની જરુર નહી પડે.

અલેન જો જોસ, ડાયરેકટર પ્રોડકટ માર્કેટીંગ, કન્ઝ્યુમર એવં સ્મોલ બિઝનેસ ડેલ ઈન્ડિયા એજણાવ્યુકે,આ વર્ષે અમે VR-ready Alienware 15 and 17 notebooks લઇને આવ્યા છીએ. આ સૌથી પાતળી અને હલકી એલિયનવેર મશીન છે.-

## તનિષ્ક રજૂ કરે છે- નવવધુ માટે લગ્નસરાના ઘરેણાની એક વધુ નવી બ્રાન્ડ

તનીષ્ક, ભારતની સૌથી મોટી અને સૌથી પ્રિય જ્વેલરી બ્રાન્ડ, દ્વારા આજે તેની નવી સબ-બ્રાન્ડ, રીવાહની રજૂઆતની જાહેરાત કરવામાં આવી. તેની બીજી સબ-બ્રાન્ડની રજૂઆત સાથે, તનીષ્ક ભારતભરમાં નવવધુઓ માટે અદ્ભુત હાથવણાટ દ્વાર તૈયાર કરેલા લગ્નસરાના ઘરેણાની બહોળી શ્રેણીને ઉપલબ્ધ બનાવે છે જેને બેંગ્લુરુની ડિઝાઈન ટીમ દ્વારા તેની કલ્પના અને ડિઝાઈન કરવામાં આવી છે. તનીષ્ક માને છે કે દરેક નવવધુ પોતાના ખાસ દિવસ માટે કંઈક અલગ અને શ્રેષ્ઠ માટે હકદાર છે અને તેથી જ કંપની આ જોડાણ સાથે આ શ્રેણીમા લગ્નસરાની સીઝન પહેલા જોડાવવાનું નક્કી કર્યું છે. રીવાહ બ્રાન્ડના દરેક મોટા અને વિસ્તરતા રીટેલ નેટવર્ક પર ઉપલબ્ધ રહેશે, જે હાલમાં ૨૦૫ સ્ટોર્સ પર ઉપલબ્ધ છે. રિવાહની જ્વેલરી રૂ. ૧ લાખથી શરૂ થાય છે.

રિવાહ એ તનીષ્કની પરંપરા અને શિલ્પકલાનુ સંકલન છે – રીવાજ અને લગ્નનુ પવિત્ર બંધન છે – વિવાહ. નવવધુ દેશની કોઈ પણ દિશામા આવતી હોય તે ગૌણ બાબત છે, ઘરેણા એ હંમેશા લગ્નની વિધીનું અભિન્ન અંગ છે. રીવાહમાં ઘરેણાનુ સોનામા, હીરામા, કુંદન કે પોલકીમા તૈયાર કરી આપે છે જેથી ભારતના કોઈ પણ સ્થળેથી આવતી નવવધુને સંલગ્ન ઘરેણા મળી રહે.

રિવાહના ઘરેણાનો કોઈ પણ ટુકડો, પછી તે પંજાબી નવવધુ માટે હાથફુલ હોય કે કન્નડીગા નવવધુ માટે કમરબંધ હોય, એ તનીષ્કનો માસ્ટરપીસ જ હોય છે. તનીષ્ક ભારતની આજની સમજદાર નવવધુને રીવાહની રજૂઆત સાથે છટાદાર ભેટ આપે છે. (૭-૪)

## 'વૈશ્વિક વિકાસ માટે ભારત માર્ગદર્શક'- ડો. અકિવુમી અદેસેનિયા

**અમદાવાદ,** આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કના પ્રેસિડેન્ટ ડો. અકિવુમી અદેસેનિયાએ આજે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે મહત્વપૂર્ણ પગલાં ભર્યાં છે, જે વિકાસશીલ દેશો માટે ઉદાહરણરૂપ છે. ભારતના વડાપ્રધાન તરીકેના ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન શ્રી મોદીએ ઉભરતા અર્થતંત્ર તરીકે ભારતને મજબૂત સ્થિતિમાં મૂક્યું છે અને વિશ્વના વિકાસ માટે ભારત માર્ગદર્શક બન્યું છે, તેમ આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કના પ્રેસિડેન્ટ ડો. અકિવુમી અદેસેનિયાએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતના ગાંધીનગરમાં મહાત્મા મંદિર કોન્ફરન્સ સેન્ટર ખાતે ૨૨થી ૨૬ મે, ૨૦૧૭ દરમિયાન ૫૨મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરી રહી છે. બેન્ક ગ્રુપ માટે દર વર્ષે મહત્વપૂર્ણ નિર્ણયો લેવાના આ કાર્યક્રમમાં નાણા પ્રધાનો અને ૫૪ રિજનલ મેમ્બર કન્ટ્રીઝ (આરએમસી)ની મધ્યસ્થ બેન્કના ગવર્નર, ૨૬ નોન-રિજનલ મેમ્બર કન્ટ્રીઝ, બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓ, ડેવલપમેન્ટ એજન્સીઝ, ખાનગી ક્ષેત્ર, બિન-સરકારી સંસ્થાઓના ૪,૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

ભારતમાં એજીએમના આયોજન અંગે ડો. અકિવુમી અદેસેનિયાએ જણાવ્યું હતું કે, "ભારતની માફક આફ્રિકન ખંડ પાસે સમૃદ્ધ અને અદ્ભુત વૈવિધ્યતા છે. ભારત અને આફ્રિકા સમાન લેન્ડસ્કેપ, વસાહતીનો ઈતિહાસ અને તુલનાત્મક આર્થિક અને વસ્તીવિષયક પડકારો ધરાવે છે. આ વિશેષતાઓ ભારત અને આફ્રિકાને સાથે મળીને કામ કરવા, વીજળી અને ઉર્જાના ઉત્પાદનમાં ભાગીદારી કરવા, કૃષિ સંબંધિત ઔદ્યોગિકરણ અને ફુડ પ્રોસેસિંગમાં સાથે મળીને કામ કરવા પ્રોત્સાહિત કરે છે.

## આઈડિયા દ્વારા હાઈ ડેટા યુઝ કરનાર ગ્રાહકો માટે ફિલપકાર્ટ પર ઓફર

ભારતમા મોબાઈલ ઈન્ટરનેટ પ્રત્યે ના વચનબદ્ધતા અંતર્ગત આઈમિ સેલ્યુલર ઈ કોમર્સ પોર્ટલ ફિલપકાર્ટ સાથે ભાગીદારીમા બેસ્ટ સેલીંગ આકર્ષક ઓફર રજુ કરે છે જેમા બેસ્ટ સેલીગ ૪જી સ્માર્ટ ફોન ની રેન્જમાં એકસકલુઝીવ ઓફર છે.

આઈડિયાના પ્રિપેઈડ કસ્ટમર જે ૪જીમાં અપગ્રેડ કરશે તેના માટે ખાસ રુ. ૩૬૫ નુ રિચાર્જ અને ૧૧ માં મોટા ડેટા ફાયદાઓ છે. સ્માર્ટફોનની પસંદગીની શ્રેણીમાં આકર્ષક ઓફર ઉપરાંત ખાસ એક્ષ્ચેન્જ ઓફર અને કેશ બેક ઓફર ફિલપકાર્ટ પર છે.

આઈડિયા ગ્રાહકો ૩૫૬ ના રિચાર્જ સાથે ૩૦ જીબી ૪જી ડેટા દૈનિક ડેટા લિમીટ વગર તથા અનલિમીટેડ લોકલ અને નેશનલ વોઈસ કોલિંગ સાથે મેળવી શકશે.૧૯૧ના રિચાર્જ પર ૧૦ જીબી ડેટા નો લિમીટ સાથે મેળવી શકશે.આ ડીલ ખાસ ફિલપકાર્ટ પર ૪ જી સ્માર્ટ ફોન જેવાકે લેનોવો, માઈક્રોમેક્સ, મોટોરોલા , પેનેસોનીક, વગેરે ના રુ. ૪૦૦૦થી ૨૫૦૦૦ સુધીના મોડલ પર છે.-

## 'સ્વીટી વેડ્સ એનઆરઆઈ'ના સ્ટારકાસ્ટે અમદાવાદની મુલાકાત લીધી

**અમદાવાદ,** બોલીવુડની અપકમિંગ ફિલ્મ સ્વીટી વેડ્સ એનઆરઆઈના સ્ટારકાસ્ટ પોતાની ફિલ્મને પ્રમોટ કરવા માટે ખાસ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે ફિલ્મના લીડિંગ હિરો હિમાંશ કોહલી અને ફિલ્મ એક્ટ્રેસ જોયા અફરોઝ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વીટી વેડ્સ એનઆરઈ ફિલ્મ બે ગુજરાતી ફેમીલીની કહાણી છે જેમાં ગુજરાતી છોકરીને પરણવા માટે એનઆઈઆઈ છોકરો આવે છે. ફિલ્મ ગુજરાતને લગતી છે તેના કારણે ઓલ્ડ પોપ સોન્ગ દિલ લે ગઈ કુડી ગુજરાત દી સોંગને રિક્રિએટ કરવામાં આવ્યું છે. આ સોન્ગને ફિલ્મના ઓરિજીનલ સિંગર જસ્બીર ભાટ્ટીએ ગાયું છે.

તે ઉપરાંત ફિલ્મમાં બીજું પણ એક ગુજરાતી કનેક્શન છે, ફિલ્મનું મોટાભાગનું શુટીંગ ગુજરાતના વડોદરામાં થયું છે. વડોદરાના જાણીતા સ્થળો ઉપર ફિલ્મને ફિલ્માંકન કરવામાં આવ્યું છે.

યારિયા ફેમ હિમાંશ કોહલી પોતાની ગુજરાતની બીજી મુલાકાતે આવ્યો હતો ત્યારે આ પ્રસંગે હિમાંશે અને ફિલ્મની એક્ટ્રેસ જોયાએ ગુજરાતી ફુડ ઢોકળા, ખાંડવી, ફાફડાની લિજ્જત માણી હતી.

ફિલ્મ સ્વીટી વેડ્સ એનઆરઆઈ ફિલ્મ ૨જી જુનના રોજ રિલિઝ થવા જઈ રહી છે ત્યારે જોવાનું ચુક્શો નહી બે ગુજરાતી પરીવારની હાસ્ય, અને સંબધોને દર્શાવતી ફિલ્મ સ્વીટી વેડ્સ એનઆરઆઈ.

**POPULAR ESTATE MANAGEMENT LIMITED**
**CIN: L65910GJ1994PLC023287**
**Registered Office: 81, 8th Floor, "A" wing, New York Tower, Opp. Muktidham Derasar, Thaltej, S. G. Highway, Ahmedabad-380054, Gujarat**
**E Mail:** popularestatemanagement@yahoo.co.in **Phone: 079 65415149**

**NOTICE OF BOARD MEETING**

Notice is hereby given that Pursuant to the provisions of Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, May 30, 2017, at the Registered Office of the Company, to inter alia consider, approve and take on record the audited financial results of the Company for the year ended on March 31, 2017.

Sd/-
For, **POPULAR ESTATE MANAGEMENT LIMITED**
**DASHRATHBHAI BHOLIDAS PATEL**
(Whole-time Director)
DIN: 00235328

**Place :** Ahmedabad
**Date :** 16.05.2017

## સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલર તથા બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલ ખરીદ-વેચાણ કરતા વેપારીઓ જોગ અગત્યની માટે સુચના

**રાજપીપલા:-** નર્મદા જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આર.એસ. નિનામાએ તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા નર્મદા જિલ્લાની હદ વિસ્તારમાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરોનું અને બેટરીથી ચાલતા સ્કુટર/સાયકલની લે-વેચ કરતા વેપારીઓને કેટલાક નિયમોનું પાલન કરવા હુકમ કર્યો છે.

તદ્અનુસાર, વિદેશી નાગરિકને વાહનની લે-વેચ કરતી વખતે તેઓના પાસપોર્ટ, વીઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી, અજાણ્યા વિદેશી નાગરિકોને વાહનની લે-વેચ કરવી નહી, કોઈપણ વ્યક્તિની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી, જિલ્લામાં જુના-નવા સાયકલ, મોટર સાયકલ, ફોર વ્હીલરો તેમજ બેટરીથી ચાલતાં સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જયારે જયારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ ખરીદનારાના નામ સરનામા ફોટો અને આઈ.ડી. પ્રુફની નકલ મેળવી પોતાના રેકર્ડમાં રાખવાની રહેશે. આ હુકમ તા. ૧૧/૦૫/૨૦૧૭ થી તા.૦૯/૦૬/૨૦૧૭ (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

## મકાન ભાડે આપતા મકાન માલિકો જોગ અગત્યની સૂચના

**રાજપીપળા:** નર્મદા જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આર.એસ. નિનામાએ જાહેર સલામતી અને શાંતિનો ભંગ ન થાય તેમજ માનવ ખુવારી ન થાય અને લોકોની સંપતિને નુકશાન ન થાય તે માટે તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા નર્મદા જિલ્લાના હદ વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જેવી કે, મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ, મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ, કઈ વ્યક્તિઓને ભાડે આપેલ તેમના પાકા નામ સરનામા સાથે મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું સરનામુ વગેરે જેવી માહિતી જે તે વિસ્તારના પાલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. આ હુકમ તા. ૧૧/૦૫/૨૦૧૭ થી તા.૦૯/૦૬/૨૦૧૭ (બન્ને દિવસ સહિત) ૩૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે અને શિક્ષાને પાત્ર થશે.

## પશ્ચિમ રેલવે દ્વારા વગર ટિકિટ મુસાફરીના વિરુદ્ધ સખત ઝુંબેશ

પશ્ચિમ રેલવે દ્વારા એપ્રિલ ૨૦૧૭માં વગર ટિકિટ પર મુસાફરી કરવાવાળા વિરુદ્ધ સખત ઝુંબેશ ચલાવવામાં આવેલ, જેના પરિણામે બુક કર્યા વગરના સામાનના કિસ્સાઓ સહિત વગર ટિકિટ મુસાફરી/અનિયમિત મુસાફરીના લગભગ ૨૦ લાખ ૬૦ હજાર કિસ્સાઓ પકડવામાં આવ્યા. આ કિસ્સાઓમાં ૧.૧૮ કરોડ રૂપિયા દંડ તરીકે મેળવવામાં આવેલ. આ મહિના દરમ્યાન, આરક્ષિત ટિકિટોના હસ્તાંતરણના ૨૩ કિસ્સા પકડમાં આવ્યા. આ સિવાય ૧૦૩૫ ભિખારીઓ અને અનાધિકૃત ફેરીયોઓને રેલ પરિસરથી બહાર કરવામાં આવેલ અને દંડ વસૂલ કરવામાં આવેલ. ૧૪૯ વ્યક્તિઓને જેલ ભેગા કરવામાં આવેલ.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી રવીન્દ્ર ભાકર દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રેસ નોટ મુજબ એપ્રિલ ૨૦૧૭ દરમ્યાન દલાલો અને અસામાજિક તત્વો વિરુદ્ધ પશ્ચિમ રેલવે દ્વારા ૧૯૫ તપાસ યોજવામાં આવેલ. જેના પરિણામે ૧૧૧ માણસોને પકડવામાં આવેલ અને રેલ અધિનિયમની જુદી જુદી કલમો હેઠળ કેસ ચલાવીને તેમની પાસેથી દંડ વસૂલ કરવામાં આવેલ. એપ્રિલ ૨૦૧૭ દરમ્યાન સુરક્ષિણી દળ દ્વારા ૧૨ વર્ષથી વધુ ઉમરના ૧૧૦ શાળાના વિદ્યાર્થીઓને ઉપનગરીય ટ્રેનોના મહિલા કોચમાં મુસાફરી કરતા પકડવામાં આવેલ, જેમને ત્યાંથી હટાવવામાં આવેલ. પશ્ચિમ રેલવે દ્વારા વગર ટિકિટ મુસાફરી કરવાવાળા વિરુદ્ધ નિયમિત રીતે આવી સખત ઝુંબેશ ચલાવીને કડક પગલા લેવામાં આવે છે. તેના અધિકૃત રેલવે ગ્રાહકોને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવા અને વગર ટિકિટ મુસાફરીમાં ઘટાડો કરવાના ઉદ્દેશ્યથી પશ્ચિમ રેલવે દ્વારા હંમેશા યોગ્ય પગલા લેવામાં આવતા રહ્યા છે. પશ્ચિમ રેલવેના સીનીયર અધિકારીઓ દ્વારા વગર ટિકિટ મુસાફરીના કારણે થનાર સરકારી તિજોરીને નુકસાન અને આવી અન્ય અનિયમિતતાઓ પર ચાંપતી નજર રાખવામાં આવે છે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને અરજ કરવામાં આવેલ છે કે તેઓ યોગ્ય ટિકિટ ખરીદીને સમ્માન સાથે મુસાફરી કરે.

**NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LIMITED**
CIN - L25209GJ1992PLC017791
EMAIL ID – NARMADADRIP@GMAIL.COM Mb - +919824300528
REGIS OFFICE:- PLOT NO. 19-120, SANTEJ VADSAR ROAD, NEAR ALEX CABLE, TAL: KALOL, GANDHINAGAR.

**NOTICE OF BOARD MEETING**

Notice is hereby given that Pursuant to the provisions of Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, May 30, 2017, at the Registered Office of the Company, to inter alia consider, approve and take on record the audited financial results of the Company for the quarter ended on March 31, 2017. This information is also available on the Company's Website www.narmadadrip.com

For Naramada Macplast Drip Irrigation Systems Ltd.
Sd/-
Vrajlal Vaghasia
Managing Director
DIN – 02442762

**Place :** Ahmedabad
**Date :** 22.05.2017

**સૂચના**

**કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :**
**lokmitra1948@gmail.com**